# શહેરમાં ચાર હેકટરમાં નવા રોપાઓની વાવણી કરાશે

## શહેરમાં ૨૦ હજાર જેટલા રોપાઓ મૃતપાય હાલતમાં : વનતંત્રએ સર્વેના અંતે નવા રોપાઓની વાવણી શરૂ કરી


ગાંધીનગર તા ૧૩

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન ૪ હેકટર વિસ્તારમાં વાવેતર કરાયુ છે. જયારે આ વર્ષે નવા રોપાઓની વાવણીનુ પ્રમાણ ઘટયુ છે. ત્યારે અગાઉના જુના રોપાઓનુ પણ બાળ મરણ થયુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરમાં અંદાજિત ૨૦ હજાર જેટલા જુના રોપાઓ હરિયાળી નિખારી શકયા નથી જેને ધ્યાને લઈ વનતંત્રએ આ બીજા નવા રોપાઓની વાવણી પણ કરવાનુ કામ હાથ ધર્યુ છે.

ગાંધીનગર શહેરમાં વરસાદી દિવસો દરમિયાન આ વર્ષે માત્ર ૪ હેકટર વિસ્તારમાં વાવેતર કરાયુ છે. આ વર્ષે વાવેતરનુ પ્રમાણ ઓછુ છે. શહેરમાં નવા રોપાઆની વાવણી માટે ખુલ્લી જગ્યા પણ ઉપલબ્ધ નથી વરસાદી દિવસોને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા ગરમીના દિવસોમાં જ નવા રોપાઓની વાવણી માટે ખાડા ખોદવામાં આવ્યા હતા. જયારે નવા રોપાઓની વાવણી પણ કરી દેવામાં આવી છે. જેમાં શહેરના ગોકુલપુરા વિસ્તાર અને સે-૩ માર્ગની એકબાજુએ નવા રોપાઓની વાવણી કરી દેવામાં આવી છે. ગત વર્ષે શહેરી વિસ્તારમાં નવા હજારો રોપાઓની વાવણી કરવામાં આવી હતી જયારે આ પૈકી હાલ ૨૦ હજાર જેટલા રોપાઓનુ એક વર્ષમાં મરણ થઈ ગયુ છે. અલબત્ત આ રોપાઓનો ઉછેર થઈ શક્યો નથી આ અન્વયે વનતંત્ર દ્વારા હાલ ડુલ ઉતારાવાની કામગીરી પણ હાથ ધરાઈ છે. જયારે મરણ પામેલા રોપાઓની સામે નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવી રહી છે. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. ખાસ કરીને યુવાવર્ગ નવા રોપાઓની વાવણી માટે વધુ સજાગ અને ઉત્સાહી બન્યો છે. જયારે નવા રોપાઓની વાવણીને અનુલક્ષી ટ્રી ગાર્ડની ડીમાન્ડ પણ વધી છે. સેકટરોમાં હરિયાળીનુ પ્રમાણ વધે તે માટે સેકટરવાસીઓ વધુ જાગૃત બન્યા છે. ત્યારે નવા રોપાઓના ઉછેર માટે પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શહેરના મુખ્યમાર્ગોની આસપાસ તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ખાલી જગ્યામાં નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. ત્યારે નવા રોપાઓની યોગ્ય જાળવણી પણ થાય તે અનિવાર્ય છે. શહેર હરિયાળીન દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાઈ ગયુ છે. વિકાસના નામે હરિયાળીનુ નિકંદન વળી રહ્યુ છે ત્યારે નગરની હરિયાળી બરકરાર રાખવા માટે રોપાઓની વાવણી અને ઉછેર યોગ્ય રીતે થાય તે પણ અનિવાર્ય હોવાનો સુર નાગરિકો ઉઠાવી રહ્યા છે.



## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અમારો એક રિપોર્ટર હોસ્પિટલમાં સ્ટારનાં પલંગ નીચે જ સૂવે છે... માટે અમારી ચેનલ જ પળે પળની માહિતી આપના સુધી પહોંચાડશે...!!

# સિવિલની શરમજનક ઘટના : હોસ્પિટલના ત્રીજામાળેથી મૃત ભ્રુણને કુતરુ ખેંચી ગયું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અજીબો-ગરીબ કિસ્સો સામે આવ્યો છે. આ કિસ્સાને લઈ સિવિલ હોસ્પિટલનું તંત્ર પણ ઉંઘતુ ઝડપાયું છે. સિવિલ હોસ્પિટલના ત્રીજા માળેથી મૃતભ્રુણ લઈને કુતરુ ભાગી ગયું છે. આ કિસ્સાને લઈ સિવિલ કેમ્પસમાં ચકચાર મચી જવા પામી છે. સિવિલની સલામતીના લીરેલીરા ઉડ્યા છે. સિવિલમાં તમામ કર્મચારીઓની ગંભીર બેદરકારી સામે આવી છે. આ ગંભીર પ્રકારની બેદરકારી સામે સિવિલ તંત્ર હવે કેવા પગલા ભરશે તે જોવું રહ્યું..!

મળતી વિગત મુજબ રાજયના પાટનગરની સિવિલ હોસ્પિટલમાં ખાતે હદયદ્રાવક કિસ્સો સર્જાયો છે. સિવિલ હોસ્પિટલ ગાયનેક વોર્ડમાં ગતરોજ રાત્રીના સુમારે પેટમાં દુખાવાની ફરીયાદ સાથે ગર્ભવતી મહિલા દાખલ થઈ હતી. આ મહિલાને ૬ માસનો ગર્ભ હતો, અને અધુરા સમયે પ્રસુતી થઈ જતા બાળક મૃત જન્મયુ હતું. લેબર પેઈન તેમજ અન્ય દુખાવાને કારણે આ મહિલા દર્દીને સિવિલ હોસ્પિટલના જુના બિલ્ડીંગના પીએનસી વોર્ડમાં એડમીટ કરવામાં આવી હતી. અને બીજીતરફ ૬ માસના ભ્રુણને તેના વાલીને સિવિલના સ્ટાફ દ્વારા સોંપવામાં આવ્યું હતું. જો કે મોડીરાત્રીને પગલે આ ભ્રુણના નિકાલ માટે મહિલાના સગા દ્વારા કોઈ વિધી કરવામાં આવી ન હતી. આ દરમિયાન મહિલાના સગા પીએનસી વોર્ડની બહાર લોબીમાં ભ્રુણને લઈને સુઈ ગયા હતા. સિવિલ કેમ્પસમાં આંટાફેરા મારતા કુતરાને ભ્રુણની ગંધ આવી જતા છેક ત્રીજા માળ સુધી સુંઘતુ સુઘતુ ચડી ગયું હતું અને ભ્રુણને તાણીને છેક નીચે સુધી લઈ ગયુ હતું. આ મૃત ભ્રુણ ગ્રાઉન્ડ ફલોર પર આવેલા ડ્રાઈવર રૂમ પાસેથી મળી આવતા ચકચાર મચી જવા પામી હતી અને સિવિલ હોસ્પિટલના ત્રીજા માળ સુધી કુતરા ચઢી આવે તો નવજાત શીશુઓને પણ ઉપાડી જઈ શકે તેવું જોખમ જણાઈ રહ્યું છે. અગાઉ પણ કોવીડ ઓપીડી સુધી કુતરા આંટાફેરા કરતા હતા,જયારે આઈસીયુમાં દર્દીને ઉંદર કરડવાનો બનાવ પણ બન્યો હતો. આ પ્રકારના કિસ્સાઓને પગલે સિવિલ હોસ્પિટલની સલામતી વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉઠવા પામી રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

- ગ્રામ વિકાસ કમિશનર વિજય નેહરાએ આજે રાજ્યભરના ગ્રામ વિકાસ એજન્સીના નિયામકો સાથે વિડીયો કોન્ફરન્સ કરી અને યોજનાકીય કામગીરીની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં માસ્ક વગર ફરતા આજે ૧૬૮૬ લોકો સામે તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાની ટીમોએ આજે ૪૫ લોકોને માસ્ક પહેર્યા વિના ફરતા લોકો સામે દંડનીય કાર્યવાહી કરી હતી. મનપાની ટીમો દ્વારા અત્યાર સુધીમાં ૮૪૨ લોકો સામે દંડનીય કાર્યવાહી કરી છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા પણ શહેરને હરિયાળુ બનાવવા માટે વૃક્ષ વાવેતર અભિયાન હાથ ધરવામાં આવનાર છે.
- આજે રાત્રે મુખ્યમંત્રીના નિવાસસ્થાને ભાજપની એક મહત્વની બેઠક મળી હતી જેમાં ૮ વિધાનસભાની પેટા-ચૂંટણી અંગે ગ્રાઉન્ડ રિપોર્ટ પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.
- કલોલના ધારાસભ્ય બળદેવભાઈ ઠાકોર આજે જિલ્લા પંચાયતની મુલાકાતે આવ્યા હતા.

# કલોલમાં ચેઈન સ્નેચીંગમાં તરખાટ મચાવનાર ટોળકીનો સભ્ય ઝડપાયો

ગાંધીનગર, તા.૧૩

કલોલ શહેરી વિસ્તારમાં છેલ્લા પખવાડીયમાં સોનાના દોરાની ચીલઝડપ કરનાર ટોળકીએ તરખાટ મચાવ્યો છે. ચેઈન સ્નેચીંગ કરનાર ટોળકીના એક સભ્યને એલસીબી પોલીસે સીંદબાદ થી પાનસર ચોકડી તરફ જવાના માર્ગ પરથી દબોચી લીધો છે. પોલીસે આરોપી પાસેથી સોનાના ૩ દોરા, બાઈક મળીને કુલ રૂ.૨,૨૬,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ટોળકીના અન્ય બે સભ્યોને પકડવા માટે પણ પોલીસે તજવીજ શરુ કરી છે.



પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં ચેઈન સ્નેચીંગમાં તરખાટ મચાવનાર ટોળકીના એક સભ્યને ગાંધીનગર એલસીબીએ પકડી પાડ્યો છે. કલોલ વિસ્તારમાં ચેઈન સ્નેચીંગના વધતા બનાવને પગલે એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા. ત્યારે પોલીસને બાતમી મળી હતી કે સીંદબાદ હોટલથી પાનસર ચોકડી તરફ જતા માર્ગ પરથી બાઈક ચાલકને પકડી પાડ્યો હતો. જી.જે.૦૨જી.એફ. ૯૩૩૦ ના ચાલક સાગર ઉર્ફે ટેચીયો દશરથજી ઠાકોર (લાકરોડા) પાસેથી સોનાની ૩ ચેઈન મળી આવી હતી. પોલીસે આ સોનાની ચેઈન અંગે આધાર પુરાવા માગતા તે આપી શક્યો ન હતો.

જેથી પોલીસે તેની ઉંડાણપુર્વક પુછપરછ કરતા તેણે પોતાના સાગરીતોઅજયજી રમેશજી ઠાકોર, મહેશજી કાળાજી ઠાકોર, (બંન્ને રહે.કુંડાળ કડી, )સાથે મળી પખવાડીયાના સમયગાળામાં ત્રણ ચેઈન સ્નેચીંગના બનાવને અંજામ આપ્યો હતો. જેમાં કલોલના પંચવટી વિસ્તારના નાના સ્વામીનારાયણ મંદિર પાસે, કલોલ શિવાલય સોસાયટી નજીકથી કલોલ મહેસાણા માર્ગ પર અંબાજી માતાના મંદિર પાસેથી મહિલાઓના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ કરી હતી.બનાવ અંગે કલોલ તાલુકા-શહેર પોલીસ મથકે ગુના નોંધાયેલા છે. એલસીબી પોલીસે સોનાના ૩ દોરા, અને રૂ.૨૫ હજારનું બાઈક મળીને કુલ રૂ. ૨,૨૬,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



સહેજ વધુ વરસાદ પડે એટલે શહેર ‘ખાડાનગર’ બની જાય... હજુ થોડાક સમય પહેલાં જ સેક્ટરોમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન નાંખવામાં આવી છે. આ ઉપરાંત મોબાઈલ કંપનીઓ દ્વારા પણ ઠેર ઠેર ખાડા ખોદવામાં આવે છે. ખાડાઓ ખોદાય જરૂર છે પરંતુ તેનુ પુરાણ યોગ્ય રીતે થતુ ન હોવાથી વરસાદ પડતાં જ જમીન પોચી બને છે અને બેસી જાય છે જેના કારણે ખાડા કે ભૂવા પડવા માંડ્યા છે.

# અમિત શાહે મતક્ષેત્રના વિકાસને લગતા કામોની અંગે વિડિયો કોન્ફરન્સથી ચર્ચા કરી

ગાંધીનગર, તા. ૧૩

આગામી તા.૨૦મી જુલાઈ, ૨૦૨૦ સુધીમાં કોરોના લક્ષણો ધરાવતાં તમામના રેપીડ ટેસ્ટ પૂર્ણ કરવા અને કોવિડ પોઝિટીવ અને તેના સંપર્કમાં આવેલા ઓછામાં ઓછા પાંચ લોકોને કોરોન્ટાઈન કરવાની સુચારું વ્યવસ્થા કરવાની સૂચના આજરોજ ગાંધીનગર લોકસભાના સાંસદ અને દેશના ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે વિડિયો કોન્ફરન્સના માધ્યમ થકી યોજાયેલ બેઠકમાં અધિકારીઓને આપી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે, હોમકોરોન્ટાઈન થયેલ કોવિડ પોઝિટિવ દર્દીઓ અને માઈક્રો કન્ટેન્ટમેન્ટ તેમજ કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવતી જે તે સોસાયટીઓ સાથે કોલ સેન્ટર મારફતે કોરોનાની સ્થિતિની નિયમિત સમીક્ષા કરવી. આવા દર્દીઓનું દિવસમાં બે વાર ક્રોસ ચેકીંગ થાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે દર્દીઓનું ટેમ્પરેચર ૧૦૦ થી વધુ અને ઓકિસજન લેવલ ૯૪ થી નીચે હોય તેવા હોમકોરન્ટાઈન થયેલા કોરાના દર્દીઓને હોસ્પિટલાઈઝ કરવા અને એમ્સની પ્રસિધ્ધ થનાર નવી ગાઈડલાઈન-લાઈન ઓફ ટ્રીટમેન્ટનું ફરજિયાત પાલન થાય તેનું મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવા પણ સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. તેમજ કોરોનાના



દર્દીઓનો મૃત્યુઆંક મતક્ષેત્રમાં ૦.૭૫ ટકા થી ઓછો આવે તેની ચિંતા કરી આ બાબત જરૂરી પગલાઓ ભરવા જણાવ્યું હતું.

ગાંધીનગર સાસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ પોતાના મતક્ષેત્રના વિકાસને લગતા વિવિધ મુદ્દાઓની ચર્ચા કરતાં જણાવ્યું હતું કે, વૃક્ષારોપણ કર્યા પછી તેની માવજતની વ્યવસ્થા કરવી ખૂબ જરૂરી છે. ગત વર્ષે કરવામાં આવેલા વૃક્ષારોપણની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમજ સ્ૅન્છદ્દ્વજ ફંડની વર્તમાન સ્થિતિ, વરસાદી પાણીના નિકાલ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવા સમાવિષ્ટ થયેલ બોપલ-ધુમા નગરપાલિકા વિસ્તારમાં ૧૦૦ ટકા નર્મદાના પાણી પહોંચે તેવી વ્યવસ્થા કરવાનું જણાવી તેમણે આ માટે સર્વે કરી, કેટલા વિસ્તારમાં નર્મદાનું પાણી ઉપલબ્ધ નથી, તેનો સર્વે દિન-૭ માં પૂર્ણ કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

માર્ચ- ૨૦૨૧ પહેલા પૂર્ણ કરવાના કામોના ડોર ટુ ડોર સર્વ કરી તેનો એકશન પ્લાન તૈયાર કરવાનું જણાવી કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે કેરોસિન મુકત મતક્ષેત્ર, ૧૦૦ ટકા શૌચાલયની સુવિધા, ૧૦૦ ટકા પીવાના પાણીની સુવિધા પહોંચાડવા, ૧૦૦ ટકા આયુષ્યમાન ભારત યોજનાના લાભાર્થીઓનું લક્ષ્યાંક પૂર્ણ કરવા પણ ખાસ જણાવ્યું હતું. તે ઉપરાંત કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓના કેમ્પ કરી લાભાર્થીઓનો લક્ષ્યાંક પૂર્ણ કરવા પણ સૂચના આપી હતી.

# દહેગામના ધારીસણાથી જુગાર રમતા છ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ધારીસણા ગામે ખેતરમાં જુગાર રમી રહેલા ૬ શકુની પોલીસના હાથે રંગેહાથ ઝડપાયા છે. એલસીબી પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને રોકડ રૂ.૧૭,૪૬૦ અને ૫ મોબાઈલ મળી કુલ રૂ.૪૯,૪૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન કોન્સ્ટેબલ અનોપસિંહને ધારીસણા ગામે જુગાર અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ધારીસણા ગામે ખેતરમાં પતરાના શેડની બાજુમાં જુગાર રમી રહેલા હનીફમીયા હુસેનમીયા સિંધી, ઈમ્તિયાઝ અલ્લારખામીયા શેખ, ગુલઝારઅલી અહેમદઅલી સૈયદ, સાદીકમીંયા મુસ્તુફામીંયા મહેલ (તમામ રહે.ધારીસણા) રીઝવાન સૌકતઅલી કાઝી, ઈમરાન હમીદમિયા મલેક ઝડપાયા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ.૧૭,૪૬૦ અને ૫ મોબાઈલ સહિત રૂ.૪૯,૪૬૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાબરમતિ નદીના પુલ પાસેથી દારુ-બિયર ભરેલી સ્વીફટ કાર ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરની સેકટર-૨૧ પોલીસ સેકટર-૩૦ સર્કલ પાસે વાહનચેકીંગ કરી રહી હતી. ત્યારે રાત્રીના સાડાનવ વાગ્યાના અરસામાં એક સ્વીફટ કારને રોકવા માટે પોલીસે ઈશારો કર્યો હતો. જેથી પોલીસને જોઈ કાર ચાલકે યુ ટર્ન લઈ લેતા પોલીસને શંકાસ્પદ કાર લાગતા તેનો પીછો કરતા કાર લેકાવાડા તરફ પુલના છેડે મુકી ચાલક ભાગી ગયો હતો. પોલીસને કારમાં મોટીસંખ્યામાં વિદેશી દારુ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસને કારમાંથી ૨૭૦ બોટલ દારુ અને ૭૨ બિયર મળી આવી હતી. પોલીસે દારુ-બિયર કબ્જે કરી ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકના પીઆઈ એ.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફની ટીમે વાહન ચેકીંગ દરમિયાન એક સ્વીફટ કાર નં.જી.જે.૦૧. એચ.એકસ-૬૭૨૩ ને સેકટર-૩૦ સર્કલ પાસે રોકવા માટે ઈશારો કર્યો હતો. કાર ચાલકે યુ ટર્ન મારીને ચિલોડા તરફ કાર દોડાવી હતી. પોલીસે પીછો કરતા કાર ચાલક લેકાવાડા પાસે પુલના છેડે મુકી ચાલક નદીના કોતરોમાં અંધારાનો લાભ લઈ ભાગી છુટ્યો હતો. પોલીસે કારમાં અંદર તપાસ કરતા પોલીસને વિદેશી દારુની વિવિધ બ્રાન્ડની ૨૭૦ બોટલ તેમજ ૭૨ બિયરના ટીન મળી આવ્યા હતા.

# ગાંધીનગર તાલુકાના શિવપુરા કંપામાં લાલ સ્વાદિષ્ટ ખારેકનું મબલક ઉત્પાદન કરતા પ્રગતિશીલ ખેડૂત

ચિલોડા, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ચિલોડા નજીક આવેલ શિવપુરા કંપામાં શ્વેતક્રાંતિ અને પદ્ધતિકરણ, ખેતી સાધનો, બિયારણો, ખાતરો અને જરૂરી પાક સંરક્ષણ સંવર્ધનથી પાક ઉત્પાદનમાં વિશેષ ફાયદારૂપ લાલ મીઠી સ્વાદિષ્ટ ખારેકનું ઉત્પાદન મબલખ થતાં છોડ પર લચકારૂપ લટકી રહેલ માલુમ પડે છે. ત્યારે રાજ્યના



હરિયાળીક્રાંતિ બંનેનો સુંદર સમન્વયરૂપે પ્રગતિશીલ ખેડૂતોની મહેનત રંગ લાવી છે. અહીંયા કચ્છી સમાજના મહેનતકશ અને દિલસ્પર્શી ખેડૂતોએ ખેતીમાં નવતર પ્રયોગો હાથ ધરી નવસર્જન કર્યુ છે.

ખેતીમાં હરિયાળી ક્રાંતિમાં અવનવા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી સિંચાઈ ફુવારા પદ્ધતિ દ્વારા પાણીનો સદ્ઉપયોગથી ખેતી નવપલ્લવિત થતાં આકર્ષણ જમાવ્યુ છે. આધુનિક ખેતીથી ખેડૂતો હર હંમેશ જિલ્લામાં આગવું સ્થાન ધરાવે છે. અગાઉ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઈજરાયેલ પદ્ધતિથી બટાકાની ખેતી નિહારવા મુલાકાત લીધી હતી. ત્યારબાદ શિવપુરા કંપા ગામના પ્રગતિસીલ ખેડૂત ગણાતા અને આત્મા પ્રોજેક્ટના પ્રણેતા એવા એગ્રીકલ્ચરના માહિર એવા શાંતિભાઈ પટેલે ત્રણ વર્ષ પહેલા ટીસ્યુ કલ્ચરના ખારેકના છોડ વાવ્યા હતા હવે છોડ સોલે કળાએ ખીલી ઉઠતાં દર વર્ષે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન રૂપાણી તાજેતરમાં શિવપુરા કંપા ખાતે આધુનિક ખેતી અને ખારેકની વાડીની પ્રત્યક્ષ મુલાકાત લેતાં કચ્છની ખારેકની ખેતી જોઈ ખુશી વ્યક્ત કરી હતી અને ખેડૂતો ખુશખુશાલ બન્યા હતા. ખારેકના છોડની ઉછેર અને પાકનું ફાયદારૂપ ઉત્પાદનમાં વિશેષ વિશિષ્ટતાઓથી ખેડૂતોમાં સંતોષની લાગણી જણાઈ આવે છે. ચોમાસામાં ખારેકનું સેવન કરવું ખૂબ ગુણકારી ગમાય છે.

# ફળ-શાકભાજીના લારીવાળા ફેરિયાઓ જોગ

ગાંધીનગર, તા. ૧૩

ફળ અને શાકભાજીનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિના મુલ્યે છત્રી/શેડ કવર પુરા પાડવામાંની યોજના સરકાર દ્વારા અમલી બનાવવામાં આવી છે. આ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ફળ અને શાકભાજીનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિના મુલ્યે છત્રી/શેડ કવર પુરા પાડવાની યોજનામાં લાભ લેવા માંગતા શાકભાજીના લારીવાળા ફેરીયાઓ અને રોડ સાઈડમાં બેસી ફળ અને શાકભાજીનુ વેચાણ કરતા લાભાર્થીઓએ તા.૧૫/૦૮/૨૦૨૦ સુધીમાં ïરીર્દ્વે ૅિક્રિ પર અરજી કરી શકશે. તેની પ્રિન્ટ કાઢી પોતાના આધાર કાર્ડ,રેશનકાર્ડ તથા ગ્રામસેવકશ્રીના દાખલા જેવા સાધનીક કાગળો સાથે નિયત સમય મર્યાદામાં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પાંચમો માળ, સી-બ્લોક, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે મોકલવાની રહેશે. આ યોજનાનો લાભ કુટુંબ દીઠ પુખ્ત વયની એક વ્યકતિને મળવાપાત્ર રહેશે.વધુ જાણકારી માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરીનો ફોન નંબર ૦૭૯-૨૩૨૫૭૭૬૦ સંપર્ક કરવા નાયબ બાગાયત અધિકારીએ જણાવ્યું છે.




જો આપની ખાનગી લેબોરેટરીમાં નીચે મુજબની સુવિધા જેવી કે

- NABL રજીસ્ટર્ડ
- BSL-2 કે તેથી વધુનું સ્ટાન્ડર્ડ
- RTPCR ટેસ્ટની વ્યવસ્થા
- જરૂરી લાયકાત ધરાવતું માનવ સંશાધન

હોય તો COVID-19 ના પરિક્ષણ માટે જોડાઇ શકો છો.

COVID-19 ના પરિક્ષણમાં જોડાવવા ICMR ની Website - icmr.gov.in પર જણાવ્યા મુજબ અરજી કરવાની રહેશે

વધુ માહિતી માટે રાજ્ય એપિડેમિક શાખાનો સંપર્ક કરી શકો : ssoidsp@gmail.com

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર